પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી
ઓઢવ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

# પ્રેસનોટ.

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ એસ.જે.ચૌહાણ સાહેબ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા અ.લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨ તથા અ.લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા અ.લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ એ રીતેનાઓ સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ ગામ, ભરવાડ વાસ પાસે આવતા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આપતા “ઓઢવગામ ભરવાડ પાસે, રોહીતવાસ સામે, ગણેશ કોલોની અંદર ખુલ્લી જગ્યામાં આરોપીઓ નં-(૧) માર્શલ સ/ઓ પિટર જાતે ક્રિચ્યન, ઉ.વ.૨૨, રહેવાસી-મ.નં-૯૦, ગણેશ કોલોની, રોહીતવાસ સામે, ભરવાડ પાસે, ઓઢવ ગામ, અમદાવાદ શહેર તથા (૨) પ્રદિપ સ/ઓ રવિકુમાર જાતે સૈની, ઉ.વ.૨૨, રહેવાસી- પટેલ વાસ, સાંઇબાબા મંદિર પાસે, ગુરૂદ્વારાની પાછળ, ઓઢવ ગામ, અ'વાદ શહેર તથા (૩) ગૌતમ સ/ઓ સમરજીત જાતે મૌર્ય, ઉ.વ.૨૧, રહેવાસી-મ.નં.૩૫, શિવશક્તિનગર, ગાયત્રી આશ્રમ પાસે, ઓઢવ ગામ, અમદાવાદ શહેર તથા (૪) કૃષ્ણ સ/ઓ સકારામ જાતે શિવતરકર, ઉ.વ.૬૩, રહેવાસી- મ.નં-૩૩, મારૂતિનગર, અક્ષર પુરૂષોત્તમ પાસે, રીંગરોડ પાસે, ઓઢવ, અમદાવાદ શહેર તથા (૫) રોશન સ/ઓ રાણાપ્રતાપ જાતે ગહરવાડ(રાજપુત), ઉ.વ.૨૨, રહેવાસી- મ.નં-૮૮, ગણેશ કોલોની, રોહીતવાસ સામે, ભરવાડ પાસે, ઓઢવ ગામ, અમદાવાદ શહેર તથા (૬) પુટ્ટુલાલ સ/ઓ સીતારામ જાતે ગુપ્તા, ઉ.વ.૩૫, રહેવાસી- લાલાભાઇ રાજાભાઇ ભરવાડના મકાનમાં, ભરવાડ વાસ, ઓઢવ ગામ, અમદાવાદ શહેર તથા (૭) સુરજ સ/ઓ રામનાથ જાતે મૌર્ય, ઉ.વ.૨૨, રહેવાસી- મ.નં-૯૬, ગણેશ કોલોની, રોહીતવાસ સામે, ભરવાડ પાસે, ઓઢવ ગામ, અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂ.૧૩,૮૫૦/- તથા દાવનાં નાણા રોકડા રૂ.૧૧,૯૨૦/- મળી કુલ્લે રૂ.૨૫,૭૭૦/- તથા ગંજી પાના નંગ ૫૨ કી.રૂ.૦૦/૦૦ તથા ત્રણ મો.ફોન કિ.રૂ. ૧૬,૦૦૦/ મળી કુલ્લે કિ.રૂ.૪૧,૭૭૦/ નો મુદ્દામાલ સાથે તા-૧૫/૦૮/૧૯ ના ક.૨૧/૨૦ વાગે પકડાઇ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૧૫/૦૮/૨૦૧૯.